સત્યમેવ જયતે

દાખલ તારીખ :–૧૦/૧૦/૨૦૨૨

રજીસ્ટર તારીખ:–૧૦/૧૦/૨૦૨૨

ફેસલ તારીખ :–૧૮/૧૦/૨૦૨૨

સચમગાળો :– ૦ વર્ષ, ૦ માસ, ૮ દિવસ

**<u>પોરબંદર ના બીજા અધિક જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની કોર્ટમાં,</u>**

**<u>મું.પોરબંદર.</u>**

ક્રિમીનલ કેસ નં.૫૫૭૨/૨૦૨૨
આંક–૧૮

ફરીયાદી શ્રી સરકાર

વિરુઘ્ધ

આરોપીઓ
(૧) રવી રાયસીંગ સોલંકી, ઉ.વ.૨૬,
(૨) ભરત સ્વરાજ સોલંકી, ઉ.વ.૨૬,
રહે. બંન્ને ઘરમપુરના પાટીયા પાસે
(૩) મુકેશ મનસુખ ડાભી, ઉ.વ.૨૫,
રહે. બાવળાવદરના પાટીયા પાસે,
તા.જી.પોરબંદર

ગુન્હો ⇨ ઈ.પી.કો કલમ – ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ.

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | એ.પી.પી.શ્રી. | એમ.બી.જાડેજા. |
| આરોપી પક્ષ... તરફે. | વિ.વકીલ શ્રી. | પી.બી.પરમાર |

## –// ચુકાદો //–

(૧).. આ કામે ફરીયાદપક્ષ ના કેસ ની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીઓએ તા.૧૨/૦૭/૨૦૧૬ ના કલાક ૧૬/૦૦ વાગ્યે ધરમપુરના પાટીયા પાસે ફરીયાદીના રહેણાકંક ઝુપડાએ રસોઈ બનાવતા હતા ત્યારે આ કામના ત્હો. એ હાથમા ધોકો લઈન આવેલ અને ફરીયાદીને કહેલ કે તારા ભાઈએ અમોને મારેલ છે તેથી ફરીયાદીએ કહેલ કે મે મારેલ નથી તેમા ત્હો. ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગાળો દેવા લાગેલ અને ફરીયાદીને ત્રણેય જણાએ ધોકા વડે શરીરે માર મારેલ તથા માથાના ભાગે ગંભીર ઈજા કરી જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગારી કરેલ. જે અંગેની ફરીયાદીએ ફરીયાદ ઉધ્ઘોગનગર પો.સ્ટે.માં ગુના રજી.નં. એ ૪૩/૨૦૧૬ ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ– ૧૩૫ મુજબ ની ફરીયાદ આપતા સદર ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ ના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ સામે અદાલતમાં ચાર્જસીટ કરેલ.

(૨).. સદર કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જસીટ અત્રેની કોર્ટમાં રજૂ થતાં કોર્ટ દવારા આરોપીઓને સમન્સ કરતા બજવણી થતા આરોપીઓ હાજર થતા આરોપીઓને ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સ ની નકલ વિના મુલ્યે મળ્યા ની ખાત્રી કર્યા બાદ સદર ગુના સબબ આરોપીઓ સામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ અને સદર તહોમતનામા સબબ આરોપીઓની ૦૬, ૦૭, ૦૮ થી પ્લી નોધતા આરોપીઓએ પોતાના સામે ના ગુનો નો ઈન્કાર કરી કેસ આગળ ચલાાવા માંગણી કરતા ત્યારબાદ ફરીયાદપક્ષ નો પુરાવો નોધવામાં આવેલ છે.

(૩).. ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**(અ) મૌખિક પુરાવો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | ફરીયાદી | અભેભાઈ વેરશીભાઈ વાઘેલાની જુબાની | આંક–૦૯ |
| (૨) | સાહેદ | મનોજ મનજીભાઈ વાઘેલાની જુબાની | આંક–૧૧ |

(૩) સાહેદ મોહનભાઈ ભુરાભાઈ વાઘેલાની જુબાની આંક–૧૨

**(બ) દસ્તાવેજી પુરાવો.**

(૧) ફરીયાદ આંક–૧૦

(૨) શરીર સ્થિતી / મુદામાલ કબ્જે કર્યાનું પંચનામું આંક–૧૩

(૩) શરીર સ્થિતી / મુદામાલ કબ્જે કર્યાનું પંચનામું આંક–૧૪

(૪) બનાવવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામું આંક–૧૫

(૫) હથીયારબંધી અંગેનું જાહેરનામું આંક–૧૬

(૪).. આ કામે ફરીયાદપક્ષે આંક–૧૭ થી વધુ પુરાવો તપાસવા માંગતા ન હોય કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. તેમજ આરોપીઓ નું ક્રિ.પ્રો. કોડ ની કલમ–૩૧૩ મુજબ નું વિશેષ નિવેદન નોધવા જેટલો પુરતો પુરાવો હોય જેથી આરોપીઅ નું વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે.

(૫).. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬).. ફરીયાદીપક્ષ તરફે એ.પી.પી.શ્રીની મુખ્યત્વે દલીલ એવી છે કે, ફરીયાદીપક્ષે આરોપીઓ સામે નો કેસ નિશંકપણે સાબિત કરેલ છે. આ કામે રેકર્ડ પર નો પુરાવો ધ્યાને ફરીયાદી નો પુરાવો ધ્યાને લેતા બનાવ ની હકીકતને સમર્થન આપેલ છે. જેથી આ કામ ના આરોપીઓને કાયદામાં જણાવ્યા મુજબ ની સજા કરવા રજુઆત કરેલ છે.

તેમજ બચાવપક્ષે વિ.વકીલશ્રી ની દલીલ એવી છે કે, આ કામ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા આંક–૧૦ ની ફરીયાદ હકીકત થી વિસંગત અને વિરોધાભાસ હકીકત જણાવેલ છે અને ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે તપાસવામા આવેલા સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. ફરીયાદપક્ષ આરોપીઓ સામે શંકા થી પર પોતાનો કેસ પુરવાર કરેલ ન હોય આરોપીઓને શંકા નો લાભ આપી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭).. હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે :–

**–// મુદ્દા //–**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧ ૨/૦૭/૨૦૧૬ ના કલાક ૧૬/૦૦ વાગ્યે ધરમપુરના પાટીયા પાસ ે ફરીયાદીના રહેણાકંક ઝુપડાએ રસોઈ બનાવતા હતા ત્યારે આ કામના ત્હો. એ હાથમા ધોકો લઈન આવેલ અને ફરીયાદીને કહેલ કે તારા ભાઈએ અમોને મારેલ છે તેથી ફરીયાદીએ કહેલ કે મે મારેલ નથી તેમા ત્હો. ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગાળો દેવા લાગેલ અને ફરીયાદીને ત્રણેય જણાએ ધોકા વડે શરીરે માર મારેલ તથા માથાના ભાગે ગંભીર ઈજા કરી જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગારી કરી આઈ.પી.સી. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદ્દા અંગે અત્રે ની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૯).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલત ના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–// કારણો //–**

(૯.૧).. ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' પુરાવાનું મુલ્યાંકન '' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી

કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિત દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી ર્કાવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપીઓ પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીઓ જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીઓએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકત નું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૯.૨).. ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની ઉભયપક્ષે દલીલોનાં સંદર્ભમાં વિચારણા કરવામાં આવે તો, આ કામે રેકર્ડ પર ના સમગ્ર પુરાવા નું મુલ્યાંકન કરતા હાલના કેસમાં આ કામે આંક–૦૯ થી ફરીયાદી અભેભાઈ વેરશીભાઈ વાઘેલા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા, બનાવ સને ૨૦૧૬ ના સમયે બપોરના ચાર વાગ્યાના સુમારે તેઓ તેઓના ઘરે રોટલા બનાવતા હતા તેવામા રવિ, ભરત તથા મુનો તેઓના ઘરે આવેલા અને મનોજ મનજીને માર મારવા અંગે તેઓને આ બધા સાથે સામાન્ય બોલાચાલી અને ઝપાઝપી થયેલી. જેમા તેઓને પડી જવાથી માથાના ભાગે તથા શરીરના અન્ય ભાગે ઈજાઓ થયેલી. જેના આવેશમા આવી હાલના આરોપીઓ વિરૂધ્ધ તેઓએ ફરીયાદ કરેલ.

તેઓને ફરીયાદ બતાવામા આવતા જેમા તેઓના અંગુઠાનુ નીશાન છે જે તેઓ ઓળખી બતાવેલ છે જે આંક–૧૦ થી રજુ છે.

સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી ફરી ગયેલ જાહેર કરી ફરીયાદીની ઉલટ તપાસ કરવા પરવાનગી આપતા સદર સાહેદ ની ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૯.૩).. વધુમાં ફરીયાદી સાહેદ ની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ સમયે આરોપીઓના હાથમા ધોકા જેવા હથિયાર ન હતા અને તેઓને કોઈ ધોકા વડે માર મારેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ રીતે ફરીયાદી નો પુરાવો ધ્યાને લેતા આંક–૧૦ ની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

(૯.૪).. ફરીયાદ પક્ષે આંક–૧૧ થી સાહેદ મનોજ મનજીભાઈ વાઘેલાને તથા આંક–૧૨ થી સાહેદ મોહનભાઈ ભુરાભાઈ વાઘેલાને તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા, બનાવ સને ૨૦૧૬ ના સમયે બપોરના ચાર વાગ્યાના સુમારે તેઓ તેઓના ઘરે હતા ત્યારે બાજુમા રહેતા અભેના ઘરમાંથી ઝઘડવાનો અવાજ આવતા તેઓએ જઈને જોયુ તો રવિ, ભરત તથા મુન્નો એભા સાથે સામાન્ય બોલાચાલી કરી ઝપાઝપી કરી ઝઘડતા હતા તેમા એભાભાઈને પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી ફરી ગયેલ જાહેર કરી ફરીયાદીની ઉલટ તપાસ કરવા પરવાનગી આપતા સદર સાહેદ ની ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૯.૫).. વધુમાં સદર સાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ સમયે આરોપીઓના હાથમા ધોકા જેવા હથિયાર ન હતા અને તેઓને કોઈ ધોકા વડે માર મારેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ રીતે સદર સાહેદોએ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

(૯.૬).. આ કામે આંક – ૧૩ તથા આંક – ૧૪ થી શરીર સ્થિતી / મુદામાલ કબ્જે કર્યાનું પંચનામું, આંક–૧૫ થી બનાવવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામું, તથા આંક–૧૬ થી હથીયારબંધી અંગેનું જાહેરનામું રજુ રાખેલ છે.

(૧૦).. વધુમાં આ કામે ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદ તપાસવામાં આવેલ નથી. એ રીતે ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામે નો કેસ શંકા થી પર પુરવાર કરી શકેલ નહી હોવાનું આ અદાલત માને છે. જેથી મુદ્દા નં.૧ પરત્વેનો નિર્ણય આથી નકારમાં આપવામાં આવે છે. તેમજ મુદ્દા નં.ર પરત્વે નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –// આખરી હુકમ //–

(૧).. આ કામના આરોપીઓને આઈ.પી.સી. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ હેઠળના શિક્ષાપાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવા ના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨).. આ કામે કબ્જે કરવામા આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવો.

(૩).. તેમજ આરોપીઓએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો. કોડ ની કલમ–૪૩૭–અ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮ મી, માંહે – ઓકટોબર, સને – ૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૮–૧૦–૨૦૨૨.
સ્થળ. પોરબંદર.

(મુકેશ વિનોદરાય પંડયા)
બીજા અધિક જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,પોરબંદર.
કોડ નંબર ( GJ 01253)

વી.જે.વ્યાસ,
ગુજ.સ્ટેનો.